# સબસિડી બિલ: ઈંધણમાં અંકુશમુક્તિ જરૂરી

**વિકલ્પ**

**- અભિજિત બેનરજી**

**ભા**રતીય પરિદૃશ્યના સૌથી પ્રગાઢ નિરીક્ષકોમાં એક પ્રણવ વર્ધન અને મારા આ મિત્રનું ગૌરવપૂર્વક કહેવું છે કે ભારતમાં આપણી પાસે લોકશાહી છે, પણ આ લોકશાહી સ્વૈચ્છિક નથી. આપણે હંમેશા રાજકીય મતભેદો પર બેસીને ચર્ચા કરવાના બદલે તેને ગલીઓમાં લઈ ઉતરી આવીએ છીએ. આ જ કારણ છે કે ભારત સરકારે પેટ્રોલિયમ સબસિડીનો બોજ ઉઠાવવો પડે છે. સરકારે જાહેરાત કરવી પડે છે કે સબસિડીઓ રહેશે, જો તે આમ ન કરે તો વિપક્ષ ભારત બંધનું એલાન આપશે અને છેવટે તેને લઈને નોંધપાત્ર ઉહાપોહ થશે. છેવટે પેટ્રોલને અંકુશમુક્ત કરવામાં આવ્યું છે, પણ તેને તે શરતે અંકુશમુક્ત કરવામાં આવ્યું છે કે જો તે અમુક સપાટીથી ઉપર ગયું તો તેના પર અંકુશ લાદવામાં આવશે. આ પ્રકાની નીતિ પર ફેરવિચારણા કરવાની જરૂર છે. ડીઝલને અંકુશમુક્ત કરવામાં આવે તેવી સંભાવના છે, પણ તેને કેવી રીતે અંકુશમુક્ત કરવું તેનો કોઈ રોડમેપ નથી. કેરોસીન અને રાંધણગેસના ભાવ પણ વધ્યા છે, પરંતુ તેની અંકુશમુક્તિની વાત હજી પણ ટેબલ પર છે.

તે બાબત સ્પષ્ટ છે કે આ એવા પ્રકારનો મુદ્દો છે કે આ પ્રકારની ચર્ચામાં ગલીમાની વ્યક્તિ એટલે કે સામાન્ય લોકોનો પણ સમાવેશ કરવો જોઈએ. આપણે ત્યાં ભારતમાં ટીવી પર ચર્ચા થાય છે, પણ આ ચર્ચા મુખ્યત્વે અંગ્રેજીમાં હોય છે અને વિદ્વાનો વચ્ચે જ થતી હોય છે. સામાન્ય માણસનો તો તેમાં ક્યારેય સમાવેશ કરવામાં આવતો નથી. પણ આ પ્રકારની ચર્ચામાં સામાન્ય માણસનો સમાવેશ કરવામાં આવે તો તેની નોંધપાત્ર અસર થઈ શકે તેમ છે. મને જબરજસ્ત આત્મવિશ્વાસ છે કે સરેરાશ ભારતીય ગરીબ છે, તેને પેટ્રોલની સબસિડીથી કોઈ ફાયદો થતો નથી. યાદ રાખો કે આનો સીધો ફાયદો ખાનગી ધોરણે પોતાની વ્યક્તિગત કાર ધરાવનારાઓને થશે. આથી આ પ્રકારની વ્યક્તિને પણ તેમાં સામેલ કરવી જોઈએ. પણ ડીઝલ સબસિડીનો મુદ્દો થોડો પેચીદો છે. તેની પાછળનું કારણ એ છે કે ખોરાકનું ટ્રકો દ્વારા પરિવહન કરવામાં આવે છે અને ગરીબો પણ ટ્રકમાં જ મુસાફરી કરે છે.

પણ આ સંદર્ભમાં વાતચીત અને જાતતપાસ કરીને કેટલાક આંકડા પ્રસ્તુત કર્યા છે. તે મુજબ તેમાં પણ ભાવવધારો કરી શકાય છે. મારા સૂત્રોના જણાવ્યા મુજબ ડીઝલથી ચાલતી કોઈપણ બસ સરેરાશ ચાર કિલોમીટરે એક લિટર ડીઝલની એવરેજ આપે છે. આનો અર્થ એમ થાય કે બસમાં સામાન્ય રીતે ૫૦ લોકોની સરેરાશ માંડીએ અને તેઓની દસ કિલોમીટરની સરેરાશ મૂકીએ તો ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવે તો પણ તેમના પર એક જ રૂપિયાનો બોજો આવશે. આમ આ રીતે જો કોઈ વ્યક્તિ ડીઝલની બસમાં નોકરી માટે દસ કિલોમીટર દૂર નજીકના શહેરમાં સવારે જાય અને રાતે પાછો આવે તો તેણે દિવસના બે રૂપિયા જ વધારાના ચૂકવવા પડે. હવે આ જ ખર્ચની દરરોજે એરકંડિશન્ડ ડીઝલ મર્સીડીઝ બેન્ઝનું દસ કિલોમીટર ડ્રાઈવ કરનારી વ્યક્તિ સાથે તુલના કરવામાં આવે તો પ્રતિ લિટર પાંચ રૂપિયાના હિસાબે તેને ૮૦ રૂપિયાનો ખર્ચ આવે.

હવે તે વાત સાચી છે કે જે લોકો દરરોજે ૧૦૦ રૂપિયા કમાતા હોય તેને દરરોજે બે રૂપિયાનો ખર્ચ મોંઘો જ પડે. જ્યારે દરરોજના આઠ હજાર રૂપિયા કમાતી વ્યક્તિ માટે ૮૦ રૂપિયા કંઈ નથી. અહીં જ સૌથી મોટી મુશ્કેલી છે. અહીં સરકાર બસ-રાઈડરના બે રૂપિયા બચાવવા માટે મર્સીડીઝવાળાના રૂપિયા ૮૦ ગુમાવવા પડે છે. મને ખબર છે કે દરેક જણ આ વાત સમજશે. બસમાં મુસાફરી કરનાર એમ કહે કે હું શા માટે બે રૂપિયા વધારાનું ચૂકવું, જ્યારે મને તેની ભનક પણ નથી. પણ તેણે તેની સામે તે જોવું જોઈએ કે તેના બે રૂપિયા બચાવવાની ફિરાકમાં સરકાર તેના જ હાથમાંથી સબસિડી દ્વારા ત્રણ રૂપિયા લઈ લે છે. હવે મુશ્કેલી એ છે કે આપણે પાસે આવું કશું કરવાનો કોઈ યોગ્ય માર્ગ નથી, કારણ કે આપણા ટ્રાન્સફર પ્રોગ્રામો એટલા લીકેજવાળા છે કે સરકાર બસ પ્રવાસીને રૂ. ત્રણનું વચન આપે તો પણ તે પાળવા પ્રતિબદ્ધ છે કે નહીં તેની કોઈ ખાતરી નથી.

**લગભગ રૂા. ૬૦,૦૦૦ કરોડના ઓઈલ સબસિડી બિલના લીધે સરકાર વાસ્તવમાં પારોઠનાં પગલાં ભરી રહી છેઃ આથી હવે સમય આવી ગયો છે કે કેન્દ્ર ઈંધણના ભાવ અંકુશમુક્ત કરે અને તેના પાછળની રકમ વિકાસ પાછળ ખર્ચે**

**ફરીથી અંકુશ લાદી શકાય તે રીતે ભાવ અંકુશમુક્ત કરવાનો વિકલ્પ તેના પર નિયંત્રણ રાખવા કરતાં પણ વધારે ખરાબ બાબત છે. તેના લીધે અંકુશ જાળવી રાખતી લોબીનું સર્જન થશે, જે કહેશે કે જ્યારે પણ તેની જરૂરિયાત હોય ત્યારે આ શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે. તેના લીધે પેટ્રોલિયમ મંત્રાલયને ગમે ત્યારે આ અંકુશ ફરીથી લાદવાની પણ લાલચ રહેશે**

મને શંકા છે કે યુનિક આઈડેન્ટિફિકેશન (યુઆઈડી) નજીકના ભવિષ્યમાં આ પ્રકારની સ્થિતિમાં સુધારો લાવશે. પણ હાલમાં તો આ મોરચે મુશ્કેલી તો ઊભી જ છે. હું હજી પણ સરેરાશ ભારતીય પ્રત્યે આશાન્વિત છું. હું માનું છું કે તેને તે વાત સમજવામાં જરા પણ મુશ્કેલી નહીં પડે કે આપણી સરકાર પેટ્રોલિયમ સબસિડીઓ પાછળ દર વર્ષે રૂ. ૬૦,૦૦૦ કરોડ ખર્ચે છે. આમ આ રકમ પ્રતિ ભારતીય છસો રૂપિયા થાય છે. આ જ બાબત ભાવમાં થઈ રહેલાં સતત વધારા માટે કારણભૂત છે. છેવટે તેનો ફટકો તો સરેરાશ નાગરિકને જ પડે છે.

હું માનું છું કે દરેક જણ તે વાત તો સમજી શકે છે કે પ્રાઈવેટ કારથી ઉભરાતા માર્ગના લીધે તેની સ્થિતિમાં જરા પણ સુધારો થવાનો નથી. ઉપરથી તેના લીધે તેની મુશ્કેલી વધશે અને ટ્રાફિકની સમસ્યા વધારે ઘેરી બનશે. ફક્ત ટ્રાફિકની સમસ્યા જ નહીં પણ પ્રદૂષણની સમસ્યા પણ વધશે. કાર્બન ડાયોકસાઈડવાળી આ હવા સરેરાશ ભારતીય જ ભોગવવાની છે, જેમની પાસે આ પ્રકારની કાર નથી.

અહીં સરકારે સ્થિતિ થોડી હળવી કરવી હોય તો બસના ભાડામાં ઘટાડો કરવો જોઈએ. તેની સાથે ટ્રક અને બસ પરના ટોલ ટેક્સમાં પણ ઘટાડો કરવો જોઈએ. જો ઈન્ડોનેશિયા જેવો દેશ તેના આ પ્રકારના જંગી સબસિડી પ્રોગ્રામને રિપ્લેસ કરી કેશ ટ્રાન્સફર પ્રોગ્રામ અપનાવી શકતો હોય ભારત આ શા માટે ન કરી શકે. કોઈપણ પ્રકારની રાજકીય હિલચાલ વગર પણ આ પ્રકારનાં પગલાં લેવાય છે. આપણે ચોક્કસપણે કરી શકીએ. યુપીએએ આ માટે ગલીઓમાં ઉતરીને ચર્ચા કરવાની જરૂર છે. તેની પાછળનું કારણ એ છે કે તેણે આ અંગેની ખોટી માહિતી ફેલાવવી દેવી જોઈએ નહીં.

(સૌ. :હિ.ટા.)

લેખક ફોર્ડ ફાઉન્ડેશન ઈન્ટરનૅશનલના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે અને અબ્દુલ લતીફ જમીન પોવર્ટી એક્શન લેબ, એમઆઈટીના ડિરેક્ટર છે

# નરેન્દ્ર મોદી : વિદેશમાં પ્રવાસની વિડંબણાઓ

**વિચારધારા**

**- રામ પુનિયાની**

**રા**ષ્ટ્રનો કાનૂન ગુજરાતમાં થયેલ માનવ સંહારમાં સંડોવણી અને લાપરવાહીના કૃત્યો સાથે તાલ મિલાવવાની કોશિશ કરી રહ્યો છે ત્યારે બીજા પ્રકારના સિદ્ધાંતો (કાનૂનો, જાગતિક સ્તરે) મોદી જેવી વ્યક્તિને પોતાના દેશમાં પ્રવેશ અપાય કે નહીં તે અંગે એકદમ સ્પષ્ટ છે.

છ મહિના પહેલા(એપ્રિલ ૮, ૨૦૧૦) જર્મન સાંસદોના એક જૂથે મોદીને વીઝા ન અપાયો તે વાતને ન્યાયોચિત ગણાવી. તેમણે મોદી યુરોપની મુલાકાત લે તે પર પ્રતિબંધ મૂકવાનો આગ્રહ રાખ્યો. સાંસદોનું આ પ્રતિનિધિમંડળ ગુજરાતમાં લઘુમતીઓની સ્થિતિ કેવી છે તેનો અભ્યાસ કરવા માટે અમદાવાદની બે દિવસની મુલાકાતે આવ્યું હતું. તે એવા નિષ્કર્ષ પર આવ્યું કે મોદીને વીઝા નહીં આપવાનો યુરોપિયન યુનિયનનો નિર્ણય ન્યાયપુરઃસરનો હતો. તેઓએ ત્યાં સુધી કહ્યું કે નજીકના ભવિષ્યમાં તેમની યુરોપની યાત્રા પર પ્રતિબંધ રહેવો જોઈએ. તેમણે એ વાતની નોંધ લીધી કે “ગુજરાતના મુખ્યમંત્રીના રાજકારણમાં આત્યંતિકતાનો ધ્વનિ છે અને એમાં આપખુદશાહી છે. તેમની ધાર્મિક સ્વતંત્રતા અંગેની સમજ ખોટી છે.” ચાર સભ્યોની આ સમિતિ ગુજરાતના રમખાણના કેસોને ખૂબ બારીકાઈથી તપાસી રહી છે. પ્રતિનિધિ મંડળના એક સભ્યએ એવી વાત કરી કે તેમને હિટલર નીચેના જર્મનીમાં અને મોદી નીચેના ગુજરાતમાં જોવા મળેલા સમાંતર પ્રવાહોથી આઘાત લાગ્યો હતો. સંયોગ એવો થયો કે ગુજરાતની શાળાના પુસ્તકોમાં હિટલરની મહાન રાષ્ટ્રવાદી તરીકે યશગાથા ગાવામાં આવી છે.

આવું પહેલી જ વાર બન્યું છે તેવું નથી. મોદીને આ પહેલાં પણ યુએસના વીઝા ન અપાયાનું બન્યું છે. માર્ચ ૧૮, ૨૦૦૫ના દિવસે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સખત ઠપકો આપતાં યુનાઈટેડ સ્ટેટસે તેમને અમેરિકામાં પ્રવેશ આપવાની ના કહી હતી. મોદીને વીઝા આપવાની ના કહેતા કોન્સ્યુલેટે ભારપૂર્વક કહ્યું કે કોઈપણ વિદેશી સરકારનો અધિકારી કે જે “ધાર્મિક સ્વતંત્રતાના ભંગ માટે જવાબદાર હોય અથવા જેણે પ્રત્યક્ષપણે કોઈપણ સમયે ખાસ કરીને ધાર્મિક સ્વતંત્રતાનું ભયંકર ઉલ્લંઘન કર્યું હોય” તેને વીઝા ન અપાય. અમેરિકાના અધિકારીઓનો આ નિર્ણય ભારતના રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના નિષ્કર્ષો અને અન્ય સ્વતંત્ર ભારતીય સ્રોતો પર આધારિત હતો.

જર્મન પ્રતિનિધિ મંડળનું નિરીક્ષણ (તારણ) ગુજરાત હિટલરની નીચેના જર્મની જેવું હોવાની વાતનો એક વધારાનો મુખ્ય મુદ્દો ઊભો કરે છે. ઘણાં વર્ષો સુધી જેમણે ફાસીવાદની રાજકીય કરૂણાન્તિકા સહન કરી છે તે જર્મનો કરતાં વધારે સારી રીતે કોણ એ સમજી શકે તેમ છે? મોદીનો એવો મુદ્દો કે તેઓ એક નિર્વાચિત ચૂંટાયેલી વ્યક્તિ છે તે પણ હિટલર સાથે બરાબર બંધ બેસે છે. આપણને એ યાદ છે કે હિટલર લોકતાંત્રિક માર્ગો દ્વારા સત્તા પર આવ્યો અને પછી ક્રમશઃ ધીમે ધીમે એણે ઉદાર લોકતાંત્રિક સિદ્ધાંતોને અંદર રહીને ઘસારો પહોંચાડ્યો અને ખરાબમાં ખરાબ પ્રકારનું ફાસીવાદી રાજ્ય ઊભું થયું. આ બંનેના સમાંતર પ્રવાહોમાં બિલકુલ ભૂલ વગર સમાનતા જોઈ શકાય છે. હા જર્મન ફાસીવાદ કરતાં અહીં થોડાક તફાવતો દેખાઈ આવે છે તેમ છતાં બંને ઘટનાઓ મૂળભૂત રીતે એકસમાન રહી છે. ફાસીવાદી એવું રાજકારણ છે જેમાં ઉદારમતવાદી લોકતાંત્રિક અવકાશને ધારેલા રાષ્ટ્રીય હિતના લાભ માટે સમાજના કોઈ ચોક્કસ વિભાગને નિશાન બનાવી ત્યાગી દેવાય છે.

હિટલરના રાજકારણની એમ એસ ગોલવલકર કે જે આરએસએસના વિચારદાતા હતા, આરએસએસ કે જે સંસ્થામાં મોદી સિદ્ધાંતજડ બન્યા ને તાલીમ પામ્યા. ગોલવલકરના આક્રમક રાષ્ટ્રવાદ અને લઘુમતીઓને બીજા વર્ગના નાગરિક બનાવી દેવાની વાતોને મોદી અને તેમના જોડીદારો થોડી જુદી રીતે અમલમાં મૂકી રહ્યા છે.

જર્મનીમાં બન્યું તેની સાથેની એકસમાનતાઓ ઉડીને આંખે વળગે તેવી છે તો બે વચ્ચે થોડાક તફાવતો પણ છે. જર્મન ફાસીવાદીના સામાજિક મૂળિયા પ્રથમ વિશ્વયુધ્ધ પછી ઊભી થયેલી આર્થિક કટોકટીમાં હતા. કલા, સંગીત અને સાહિત્યના ક્ષેત્રોમાં સાંસ્કૃતિક લડાઈ અને પ્રાચીન અતીતની યશગાથા ઝડપથી થવા માંડ્યા. લોકતંત્ર પરના એક મહત્ત્વપૂર્ણ આઘાત સમા રાઈસતેગની આગ માટે સામ્યવાદીઓને જવાબદાર ગણવામાં આવ્યા હતા અને હિટલરે તેમના પર શારીરિક હિંસાબળનો ઉપયોગ કર્યો. ગોધરામાં ટ્રેઈનનું બળવું ને હિટલરનું આ કૃત્ય બંનેમાં બિલકુલ ભૂલ ન થાય તેવી સમાનતા અને એકસરખાપણું છે.

મોદીની ચડતી થઈ તેની પાશ્વદભૂમિકા આવી હતી : મુખ્યત્વે ૧૯૮૦ના દશકાની આર્થિક કટોકટી, વૈશ્વિકીકરણની અવળી અસરો દેખાવા માંડી હતી, કાપડની મિલો બંધ થવાથી નિમ્ન વર્ગના લોકોએ રોજગારી ગુમાવી, અનામત વિરોધી રમખાણોને નામે દલિતો અને ઓબીસીઓ પર હુમલા થતા રહ્યા. રામ મંદિરની હલચલ સાથે સાંસ્કૃતિક દાવપેચ શરૂ થયા, લઘુમતીઓ વિરૂધ્ધ ધિક્કારની લાગણી પ્રસરી, પહેલાં મુસ્લિમો વિરૂધ્ધ અને પછી ખ્રિસ્તીઓ વિરૂધ્ધ જેઓ હવે ગુજરાતમાં બીજા દરજ્જાના નાગરિક બની ગયા છે, થોડાક બીજા રાજ્યોમાં પણ આવું થયું છે અને બાકીના બીજા રાજ્યોમાં પણ આ જ પ્રવાહ ચાલી રહ્યો છે.

જર્મનીમાં આખેઆખો દેશ ફાસીવાદની પકડમાં આવી ગયો હતો જ્યારે ભારતમાં એટલું સારૂં થયું કે ભારતના ફાસીવાદનો ચૂંટણીગત ચહેરો (ભાજપ) કેન્દ્રમાં સંપૂર્ણ બહુમતી મેળવી શક્યો નહોતો. એનો અર્થ એ નથી કે ફાસીવાદની આગેકૂચ થઈ રહી નથી. જર્મનીમાં બીજા વિશ્વયુધ્ધમાં જર્મનીનો પરાજય જર્મનીના પતનમાં પરિણમ્યો તે સાથે ફાસીવાદ પડી ભાંગ્યો અને ફાસીવાદના મુખિયા હિટલરે આત્મહત્યા કરી. ભારતમાં ગુજરાતમાં એની પુરેપુરી પકડ છે જ્યારે બીજા રાજ્યો જેવા કે કર્ણાટક, ઓરિસ્સા, મધ્ય પ્રદેશમાં એની હાજરી વધુને વધુ વર્તાતી જાય છે. રાષ્ટ્રીય સ્તર પર ભાજપનો બે ચૂંટણીઓમાં રકાસ થયો હોત પરંતુ ભારતીય લોકતંત્રમાં જુદે જુદે રસ્તેથી ફાસીવાદી વિચારધારા પગપેસારો કરી રહી છે. સંચાર માધ્યમોના એક વિભાગ દ્વારા, શિક્ષણના કોમવાદી ઢાંચા દ્વારા અને કોમવાદી વિચારધારાના અનુયાયીઓની રાજ્યના જુદા જુદા ક્ષેત્રોમાં ઘુસણખોરી દ્વારા કોમવાદને બહાલી મળી રહી છે.

ભારતીય ફાસીવાદ ધીમે ધીમે વિકસી રહ્યો છે, સમાજનાં જુદા જુદા પાસાંઓને એક પછી એક એમ હડપ કરી રહ્યો છે. મોદી મોટા મૂડીવાદીઓના વહાલુડા છે તે અમથું નથી. ફાસીવાદી ઢાંચાને કારણે મૂડીવાદીઓને લાભ જ થાય છે. આપણે ભારતીય ઘટનાને લાંબા સમયથી ચાલી આવતો ફાસીવાદ એવું લેબલ લગાડી શકીએ જે નિસરણીની તરાહમાં પગલાં ઉપર પગલાં ચડે છે.

જર્મન પ્રતિનિધિઓનું પ્રસંગોચિત નિરીક્ષણ એવું છે કે જર્મની પોતે ઈતિહાસના દુઃખદાયી તબક્કામાંથી પસાર થયું છે તેથી તે ફાસીવાદનાં લક્ષણો સહેલાઈથી જોઈ શકે છે. (લેખક મુંબઈની આઈ.આઈ.ટી.ના ભૂતપૂર્વ પ્રોફેસર છે અને હાલમાં ઓલ ઈન્ડિયા સેક્યુલર ફોરમના મંત્રી છે.)

# જીવાણુઓનો કાતિલ દવાઓ પર હુમલો!!

**અહેવાલ**

**- એન. ગોપાલ રાજ**

**સં**ખ્યાબંધ અસાધ્ય રોગો ફેલાવનારા માઈક્રોબ (બેક્ટેરિયાના એક પ્રકારના સમૂહ) સામેની સદીઓ જૂની લડાઈમાં ગત સદીના અંતે આખરે માનવજાતનો હાથ ઊંચો રહ્યો હોવાના ચિહ્નો સાંપડ્યા હતા. આ અંગે અમેરિકાના સર્જન જનરલે ૧૯૬૦ના ગાળામાં કહ્યું હતું કે, “ચેપી રોગોના ચોપડા બંધ કરવાનો સમય પાકી ગયો છે.” આમછતાં બેક્ટેરિયા ફરી ત્રાટકતા અને વિવિધ પ્રકારની એન્ટિબાયોટિકનો પ્રતિરોધક તરીકે સામનો કરવા માંડ્યા. હવે તો વિશ્વભરના તબીબો બેક્ટેરિયા સામેની લડાઈમાં વિજયની ગુલબાંગો પોકારવાની ખો ભૂલી ગયા છે અને તેમને ફરીથી આ જીવાણુઓ ત્રાટકવાની તૈયારીમાં તો નથી ને એવી ભીતિ વ્યાપી રહી છે. પેનિસિલિનની શોધ થઈ અને તેનો દવા તરીકે ઉપયોગ શરુ થયો તે પહેલાં જ બેક્ટેરિયા તેના પ્રતિરોધક હોવાનું જાણવા મળ્યું હતું.

પેનિસિલિનના શોધક એલેક્ઝાન્ડર ફલેમિંગે ડિસેમ્બર ૧૯૪૫માં પોતાના નોબેલ પ્રવચનમાં જણાવ્યું હતું કે, “પ્રયોગશાળામાં પરીક્ષણ દરમિયાન માઈક્રોબ સામે પેનિસિલિનનો જથ્થો જેવો ઓછો જણાયો કે તુરત તેની ઘાતકતા વધવા માંડી. માણસના શરીરમાં પણ આવું થઈ શકે છે. એવો સમય જરુર આવશે જ્યારે પેનિસિલિનને દવાની દુકાનેથી કોઈપણ ખરીદી શકશે. આવામાં નાની-નાની તકલીફોથી છુટકારો મેળવવા વારંવાર પેનિસિલિનનું સેવન કરનારી વ્યક્તિના શરીરમાં સમયાંતરે આ દવાની અસરકારકતા ઘટી જશે.” એન્ટિબાયોટિક દવાઓથી શરીરમાં થોડાક સમય માટે રોગપ્રતિકારક શક્તિ અનેકગણી વધી જાય છે. પરંતુ અવ્યવસ્થિત પદ્ધતિથી દવાનું સેવન જે-તે દવાની અસરકારકતા ક્રમશઃ ઘટાડે છે.

દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ ચેપી રોગો પર આ એન્ટિબાયોટિક દવાઓની વ્યાપક અસર થાય છે, એમ જણાવી અગાઉ આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીઝના ડિરેક્ટર જનરલ તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ બેંગલોર સ્થિત સર દોરાબજી તાતા સેન્ટર ફોર રિસર્ચના વડા લેફ્ટ. જનરલ ડી રઘુનાથે ઉમેર્યું હતું કે, એન્ટિબાયોટિક્સની શોધ થઈ તે પહેલાના સમયગાળામાં તમે આવી બિમારીઓથી છૂટકારો મેળવી જ શકતા નહોતા અને વિવિધ પ્રકારની અસાધ્ય બિમારીઓથી હોસ્પિટલની પથારીઓ ભરેલી જ રહેતી હતી. પુખ્યવયના લોકો માટે પણ ન્યૂમોનિયા ઘાતક બિમારી ગણાતી હતી. ક્યારેક વાગવાથી કે છોલાવાથી તેમાં સડો ફેલાઈ જતો અને ગણતરીના દિવસોમાં માણસનું મોત પણ થતું હતું. કોઈપણ નાનકડી બિમારી માટે પણ મોટાભાગે શસ્ત્રક્રિયાને જ સલામત માર્ગ ગણવામાં આવતો હતો.

જર્નલ ઓફ બાયોસાયન્સીઝના પત્રમાં તેમણે લખ્યું હતું કે, ૧૯૪૦થી ૧૯૮૦ના સમયગાળામાં આધુનિક એન્ટિબાયોટિકની શોધની મજલ એટલી સરળ નહોતી. ૧૯૯૦ના સમયગાળામાં ઘણી એન્ટિબાયોટિક્સને મંજૂરી મળી અને તેના પરિણામે આધુનિક દવાઓના સંશોધનના રસ્તા ખૂલ્યા. હજી પણ ઘણી નવી એન્ટિબાયોટિક્સ વિકાસની પ્રક્રિયા હેઠળ છે અને બેક્ટિરિયા વર્તમાન એન્ટિબાયોટિક્સ પ્રત્યે વધુ ઝડપથી પ્રતિરોધક ક્ષમતા કેળવી રહ્યા હોવાથી સમસ્યા વિકટ બની રહી છે.

જો કે, એન્ટિબાયોટિક્સનું નિર્માણ કરનારા માઈક્રોબ્સ તથા તેનો પ્રતિકાર કરનારા બેક્ટેરિયા વચ્ચેનો જંગ તો માનવજાતના અસ્તિત્વ પહેલાથી ચાલી રહ્યો છે. પેનિસિલિન એવા પદાર્થમાંથી છૂટી પાડવામાં આવી જેનાથી બેક્ટેરિયા મરતા હોવાનું ફલેમિંગે શોધી કાઢ્યું હતું. એન્ટિબાયોટિક્સનું નિર્માણ કરનારા બાયોલોજિકલ માર્ગોની ઉત્ક્રાંતિની પ્રક્રિયા સદીઓ સુધી ચાલી છે. આ પ્રકારે જ આવા ઝેરથી પોતાનો સંપૂર્ણ ખાતમો થતો અટકાવવાના રસ્તા બેક્ટેરિયા પણ શોધતા જ રહ્યા છે.

બેક્ટેરિયા એકબીજામાંથી તેમજ તેમને ચેપ લગાડનારા વાઈરસોમાંથી પણ જનીનનું દ્રવ્ય મેળવતા રહે છે. આવી જનીન સંબંધિત પ્રક્રિયા થકી તેઓ અમુક ચોક્કસ દવા કે વાતાવરણ સામે પ્રતિરોધક ક્ષમતા કેળવી લેતા હોય છે. આ એક મુખ્ય કારણ છે કે, હવે આધુનિક યુગમાં બેક્ટેરિયાઓ તથા જીવાણુઓ માનવજાત દ્વારા ઉપયોગમાં લેવાતી દવાઓ સામે કેમ આટલી ઝડપથી પ્રતિરોધક ક્ષમતા કેળવી લે છે.

તદ્ઉપરાંત ક્યારેક એલર્જીને કારણે પણ બેક્ટેરિયામાં પ્રતિરોધક ક્ષમતા ઉત્પન્ન થતી રહે છે. તાજેતરના જ સંશોધનો દર્શાવે છે કે, વારંવાર એન્ટિબાયોટિક્સનું સેવન કરવાની ટેવ બેક્ટેરિયાની પ્રતિરોધક ક્ષમતા વધારે છે. આમ, બેક્ટેરિયામાં મોજૂદ એન્ટિબાયોટિક્સ પ્રત્યેની પ્રતિરોધક ક્ષમતા અનેકગણી વધી જાય છે. જ્યારે એન્ટિબાયોટિક્સનું મોટાપાયે સેવન કરાય છે, આવા જનીન ધરાવતા બેક્ટેરિયા વધુ શક્તિશાળી બને છે અને સમયાંતરે તેની પ્રતિરોધક ક્ષમતા વધતી રહે છે.સિન્થેટિક એન્ટિમાઈક્રોબાયલ્સ પ્રસ્તુત કરાયા, જેનો કુદરતી રીતે સામનો શક્ય નથી ત્યારે સમયાંતરે બેક્ટેરિયાએ તેની પ્રત્યે પણ પ્રતિરોધક ક્ષમતા કેળવી લીધી હતી.

છેલ્લા કેટલાક વર્ષોમાં બેક્ટેરિયાથી થતા ઘણા રોગો પર અમુક એન્ટિબાયોટિક્સ કામ ન કરતી હોય તેવા કિસ્સા જોવા મળ્યા છે. “સુપરબગ” જેવા જીવાણુઓ આસાનીથી ઘણી દવાઓ પ્રત્યે પ્રતિરોધક ક્ષમતા ધરાવતા હોવાથી તેના ચેપથી થતી બિમારીઓનો ઈલાજ કઠિન બની ગયો છે. આવો એક “બગ” મેથિસિલિન-રેઝિસ્ટન્ટ સ્ટેફિલોકોકસ ઓરસ (મર્સા) તરીકે ઓળખાય છે. મોટાભાગે બેક્ટેરિયા ચામડી પર તથા નાકની અંદર જોવા મળે છે. આવામાં કોઈ બેક્ટેરિયા દવા પ્રત્યે પ્રતિરોધક ક્ષમતા કેળવી લે તો તેનાથી ચામડી, સોફ્ટ ટિસ્યુ, હાડકાં, રક્તવાહિની, હૃદયના વાલ્વ તથા ફેફસાંને ઘાતક બિમારીનો ચેપ લાગે છે. મેથિસિલિનનો સામનો કરનારા બેક્ટેરિયાની સૌપ્રથમ શોધ ૧૯૬૧માં ઈંગ્લેન્ડમાં કરવામાં આવી હતી અને ઘણા વર્ષો બાદ તે અમેરિકામાં જોવા મળ્યો હતો. હવે તો દુનિયાભરમાં “મર્સા”ના સંખ્યાબંધ કિસ્સાઓ જોવા મળે છે. “મર્સાની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ દર્શાવે છે કે કાળક્રમે જીવાણુઓ દુનિયાની શ્રેષ્ઠતમ દવાઓ પ્રત્યેની પ્રતિરોધક ક્ષમતા કેળવી જ લેતા હોય છે,” એમ ગયા વર્ષે ન્યુ ઈંગલેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક લેખમાં સિઝર એ એરિયાસ અને બાર્બરા ઈ મરેએ લખ્યું હતું. રસપ્રદ છે કે ભૂતકાળમાં એન્ટિબાયોટિક્સના મારાથી જે જીવાણુઓને નાથવામાં આવ્યા હતા તે જ હવે વધુ ઘાતકતાથી ચેપ ફેલાવી રહ્યા છે.

અન્ય અહેવાલ અનુસાર ધનિક રાષ્ટ્રોમાં હોસ્પિટલોમાં મર્સાથી ચેપ લાગ્યો હોય તેવા દર્દીઓની સંખ્યા વધી રહી છે. એક અંદાજ અનુસાર માત્ર અમેરિકામાં જ આવા ચેપનો ઈલાજ કરવામાં અબજો ડોલર ખર્ચાઈ જાય છે અને દર વર્ષે તેનાથી હજારો જીવ જાય છે. પ્રસિદ્ધ અહેવાલો સૂચવે છે કે, ભારતની હોસ્પિટલોમાં પણ મર્સાની સમસ્યા વકરી રહી છે. સર દોરાબજી તાતા સેન્ટરમાં તાજેતરમાં હાથ ધરાયેલા પરીક્ષણો સૂચવે છે કે, આપણા દેશમાં પણ મર્સાનો વ્યાપક ફેલાવો વધી રહ્યો છે. સ્ટેફિલોકોકસ ઓરસની ગ્રામ પોઝિટિવ બેક્ટેરિયા તરીકે ઓળખ કરવામાં આવી છે.

વિવિધ ગ્રામ નેગેટિવ બેક્ટેરિયા “એક્સટેન્ડેડ સ્પેક્ટ્રમ બેટા-લેક્ટામાસીસ” તરીકે ઓળખાય છે, જે ઘણા પ્રકારની એન્ટિબાયોટિક્સ પ્રત્યે પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે. આના પરિણામે, ક્લેબસિએલા ન્યુમોનિયા જેવા બેક્ટેરિયાનો ચેપ ફેલાય છે જેનાથી હોસ્પિટલમાં જ ઘણી બિમારીઓ જન્મે છે અને ઈશેરિકિયા કોલી નામનો મૂત્રમાર્ગે ફેલાતો બેક્ટેરિયા સંખ્યાબંધ એન્ટિબાયોટિક્સ પ્રત્યે પ્રતિરોધક ક્ષમતા કેળવી ચૂક્યો છે. કાર્બાપેનેમ્સના નામથી ઓળખાતી એન્ટિબાયોટિક કે જેને પ્રયોગશાળામાં જ અનામત રખાઈ હતી તેના વડે આ બેક્ટેરિયાનો સંહાર કરવો પડી રહ્યો છે.

પરંતુ હવે તો બેક્ટેરિયા કાર્બાપેનેમ્સ પ્રત્યે પણ પ્રતિરોધક ક્ષમતા કેળવી ચૂક્યા છે. ક્લેબસિએલા ન્યુમોનિયા કાર્બાપેનેમ્સ પહેલા અમેરિકા અને ત્યારબાદ વિશ્વભરમાં જોવા મળ્યા હતા, એમ જણાવી ફ્રાન્સની હોસ્પિટલ દ બાયસેટ્ર ખાતે ઈમર્જિંગ એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ યુનિટના વડા પેટ્રિક નોર્ડમેને જણાવ્યું હતું કે, હાલ વિશ્વમાં આ બેક્ટેરિયા જે ઝડપથી ફેલાઈ રહ્યા છે તેનાથી હાલની એન્ટિબાયોટિક આધારિત ઉપચાર પ્રણાલી સામે ખતરો પેદા થયો છે.

લેન્સેન્ટ ઈન્ફેક્શિયસ ડિઝિસમાં કાર્તિકેયન કે કુમારસ્વામી તથા અન્ય સંશોધકોએ મેટાલો-બેટા-લેક્ટામેસ ૧ (એનડીએમ-૧) નામના અન્ય ઘાતક બેક્ટેરિયા વિષે ઉલ્લેખ કર્યો છે જે કાર્બાપેનેમ્સ તથા અન્ય એન્ટિબાયોટિક્સ પ્રત્યે પ્રતિરોધક ક્ષમતા કેળવી ચૂક્યો છે. એનડીએમ-૧નું જનીન ભારતમાં જ ઉદ્ભવ્યું કે બીજે કશે તે વિષે હાલ ચોક્કસપણે કાંઈ કહી શકાય નહીં પરંતુ ડૉ. નોર્ડમાનનું કહેવું છે કે, હાલના સંશોધનો પરથી લાગે છે કે, ભારત, પાકિસ્તાન અથવા બાંગ્લાદેશમાંથી કોઈ એક દેશ જ આ પ્રકારના બેક્ટેરિયાનું ઉદ્ભવસ્થાન હોઈ શકે છે. તેમના યુનિટ પાસે એનડીએમ-૧ બેક્ટેરિયાના ૧૦ સેમ્પલ છે જે ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, કેન્યા અને ઓમાનના દર્દીઓમાંથી મેળવવામાં આવ્યા છે. આ તમામ દર્દીઓમાં એક સમાનતા જોવા મળી હતી કે અગાઉ તેઓ કોઈ બીમારીનો ઈલાજ કરાવવા એશિયાઈ ઉપખંડના જ આ ત્રણમાંથી કોઈ એક દેશમાં રોકાયા હતા. એક ફ્રેન્ચ યુવતીને તો આ ક્ષેત્રમાં રોકાણ કરવા માત્રથી જ આ બીમારી થઈ ચૂકી હતી.

જ્યારે ક્લેબસિલા ન્યુમોનિયા કાર્બાપેનેમ્સના કિસ્સામાં ગ્રીસ, ઈઝરાયેલ અને પૂર્વ અમેરિકા મુખ્ય સ્રોત જણાયા હતા. પરંતુ દવાઓનો પ્રતિકાર કરનારા ક્લેબસિલા ન્યુમોનિયાની સમસ્યા તો ઘણી હોસ્પિટલમાં હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, “મને સૌથી વધુ ચિંતા એ વાતની છે કે એનડીએમ-૧ના જનીન મૂત્રાશયના માર્ગે થતા રોગોની સાથે સંકળાયેલા છે. આ બેક્ટેરિયા સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી એન્ટિબાયોટિક્સ પ્રત્યે ખૂબ ઝડપથી પ્રતિરોધક ક્ષમતા કેળવી લેતા હોય છે,” એમ બ્રિટન સ્થિત રોયલ ઈન્ફર્મરી ઓફ એડિનબર્ગ ખાતેના ડિપાર્ટમેન્ટ ઓફ ક્લિનિકલ માઈક્રોબાયોલોજીના બીવીએસ ક્રિશ્નાએ જણાવ્યું હતું.

તબીબો માટે પણ એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરવા સંબંધે કોઈ નીતિ કે માર્ગદર્શિકા નિર્ધારિત કરાયા નથી. આ કારણે ભારત જેવા દેશોમાં અમુક બિમારીઓના કિસ્સામાં જરુર ન હોય તો પણ એન્ટિબાયોટિકનો આડેધડ ઉપયોગ કરવામાં આવે છે. જો કે, તબીબોને અમુક ફાર્માસ્યુટિકલ કંપનીઓ પોતાની ચોક્કસ દવાનું અમુક જથ્થામાં વેચાણ કરવાના બદલામાં રોકડ તથા ચીજવસ્તુઓનું પ્રલોભન આપવામાં આવે છે અને તબીબો તથા ફાર્મા કંપનીઓની આ મિલિભગત પ્રત્યે નિયમકારો પણ આંખમીચામણા કરી રહ્યા હોવાથી એન્ટિબાોટિક્સનો આડેધડ ઉપયોગ થઈ રહ્યો છે. દેશમાં તબીબોની અછતને કારણે આ સમસ્યા બેવડાઈ રહી છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના મહાનિર્દેશક વી એમ કટોચે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે, એન્ટિબાયોટિકના ઉપયોગ વિષે માર્ગદર્શિકા જારી કરવા ઉપરાંત હોસ્પિટલમાંથી ફેલાતા ચેપની વિગતોનો રેકર્ડ પણ જાળવવામાં આવશે. પરંતુ નિરંતર નવી એન્ટિબાયોટિકની શોધ વિના ચિત્ર ધૂંધળું લાગે છે. ડૉ. એરિઝ અને ડૉ. મરેએ પોતાના લેખમાં જણાવ્યું હતું કે, “આપણે ફરી-ફરીને એની એ જગ્યાએ જ આવી ગયા છે જ્યાંથી પરિસ્થિતિ એન્ટિબાયોટિક યુગની શરુઆત પહેલાં જેવી જ ભયાનક ભાસે છે. એન્ટિબાયોટિક પ્રત્યે પ્રતિરોધક ક્ષમતા કેળવી ચૂકેલા બેક્ટેરિયાનો ચેપ લાગ્યો હોય તેવા દર્દી માટે કોઈ જાદુઈ ટિકડી છે જ નહીં.” (સૌ.: ધ હિન્દુ)